# હવે રાજ્યમાં રાજસ્થાનનું એનાલોગ પનીર

**લક્ઝરી** બસમાંથી 408 કિલો 'લો ફેટ' પનીરનો જથ્થો ઝડપાયો

**ડેરી,** હોટલ-રેસ્ટોરન્ટમાં સપ્લાય થવાનો હતો, બે શખ્સોની પૂછપરછ

અમદાવાદ : અમદાવાદ શહેરમાં અન્ય રાજ્યોમાંથી લક્ઝરી બસ મારફતે લાવવામાં આવતા શંકાસ્પદ અને ભેળસેળયુક્ત પનીરના કારોબારનો અમદાવાદ મનપાના ફૂડ વિભાગે પર્દાફાશ કરી, આજે વહેલી સવારે રાજસ્થાનના જોધપુર અને પાલીથી લક્ઝરી બસ મારફતે અમદાવાદના મણિનગર વિસ્તારમાં લાવવામાં આવેલો 408 કિલો શંકાસ્પદ 'લો ફેટ' પનીરનો જથ્થો જપ્ત કરી સીઝ કરવામાં આવ્યો છે.

આ મામલે પ્રાથમિક માહિતી પ્રમાણે આ જથ્થો શહેરની ડેરીઓ તેમજ હોટલ-રેસ્ટોરાંમાં સપ્લાય કરવાનો હોવાનું બહાર આવ્યું છે. મનપાના ફૂડ વિભાગે જપ્ત કરેલા પનીરના નમૂનાઓ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે અમદાવાદ મનપાના ફૂડ વિભાગને રાજસ્થાન અને મધ્ય પ્રદેશ તરફથી અમદાવાદમાં લાવવામાં આવતા શંકાસ્પદ તથા અખાદ્ય ખાદ્યપદાર્થો અંગે બાતમી મળી હતી. જેના આધારે ફૂડ વિભાગની ટીમે આજે વહેલી સવારે મણિનગર વિસ્તારમાં વોચ ગોઠવી હતી, જે દરમિયાન લક્ઝરી બસમાંથી પનીરનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો હતો ત્યારે દરોડો પાડતા બસમાંથી 408 કિલો 'લો ફેટ' પનીરનો જથ્થો મળી આવ્યો હતો. આ પનીર રાજસ્થાનના જોધપુર અને પાલીથી બસ મારફતે અમદાવાદ



લાવવામાં આવ્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

મનપાની ફૂડ વિભાગની ટીમે દરોડાની કાર્યવાહી કરી ત્યારે નરોડા અને મણિનગર વિસ્તારમાં રહેતા બે શખ્સો આ પનીરનો જથ્થો લેવા માટે સ્થળ પર પહોંચ્યા હતા. બંને શખ્સોની ફૂડ વિભાગ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. આ જથ્થો અમદાવાદમાં કોને અને ક્યાં સપ્લાય કરવાનો હતો તેમજ તેની પાછળ કોણ લોકો સંકળાયેલા છે તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ શંકાસ્પદ પનીર શહેરની વિવિધ ડેરીઓ ઉપરાંત હોટલ અને રેસ્ટોરાંમાં સપ્લાય કરવાનો હોવાનું સામે આવ્યું છે.

### અહીંથી થાય છે પનીરની સપ્લાય

(1) જયકાર ટ્રાવેલ્સની બસમાંથી ભોલેનાથ મિલ્ક પ્રોડક્ટ્સ, પ્રતાપનગર, જોધપુર, રાજસ્થાનથી લાવવામાં આવેલું 'લો ફેટ પનીર' મળી આવ્યું હતું. આ પનીર બસ મારફતે અમદાવાદ લાવી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ફેરિયા મારફતે વેચવામાં આવતું હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

(2) ટાઇગર ટ્રાવેલ્સની બસમાં વેરાયટી પ્રોડક્ટ્સ, એફ-206, ફેઝ-4, સરદાર સમંદ રોડ, પાલી, રાજસ્થાનથી લાવવામાં આવેલું 'લો ફેટ પનીર' મળી આવ્યું હતું. જે નરોડા વિસ્તારમાં આવેલી નિસંદદાસ ટ્રેડિંગ કંપનીને વેચાણ માટે મોકલવામાં આવ્યું હતું.

### માત્ર 240 રૂપિયામાં 1 કિલો પનીરની સપ્લાય કરવામાં આવતુ હતું

'લો ફેટ' પનીર માત્ર રૂ.240 પ્રતિ કિલોના ભાવે પૂરૂ પાડવામાં આવતું હતું. બજારભાવની સરખામણીએ અત્યંત ઓછા ભાવે મળતા આ પનીરની ગુણવત્તા અંગે શંકા ઊભી થઈ છે અને તેમાં ભેળસેળ કરવામાં આવી હોવાની અથવા તે અખાદ્ય હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવે પ્રયોગશાળાના પરીક્ષણના અહેવાલ બાદ પનીરમાં ક્યા પ્રકારની ભેળસેળ છે અથવા તે ખાદ્ય ગુણવત્તાના ધોરણોને અનુરૂપ છે કે નહીં તે સ્પષ્ટ થશે.

# કામરેજ સુગરમાં વર્તમાન પ્રમુખની સહકાર પેનલે 10 બેઠક કબજે કરી

**બે** કિસાન પેનલ, બે અપક્ષના ઉમેદવારો વિજેતા થયા



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ સુગરની ચૂંટણીમાં 14 બેઠકના મતદાન બાદ શુક્રવારે કામરેજ ચાર રસ્તા ખાતે મતગણતરી યોજાઈ હતી. વર્તમાન પ્રમુખની સહકાર પેનલ 10, બે અપક્ષ અને બે કિસાન પેનલના ઉમેદવારોની જીત થઈ હતી. અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતની ત્રણ સુગર ફેક્ટરીઓનાં પરિણામમાં પરિવર્તન આવ્યું હતું. પરંતુ કામરેજ સુગરની ચૂંટણીમાં પુનરાવર્તન થયું હતું.

કામરેજ તાલુકાના નવીપારડી ખાતે કાર્યરત કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણીમાં 14 બેઠક માટે વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલની સહકાર પેનલ સામે માજી પ્રમુખ નવીન પટેલ, જયેશ પટેલની કિશાન પટેલે ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. જ્યારે ત્રણ બેઠક પર અપક્ષ ઉમેદવારોએ પણ ઉમેદવારી કરી હતી. ગુરુવારના રોજ 25 મતદાન મથક પર 56.26 ટકા મતદાન યોજાયું હતું. શુક્રવારના રોજ કામરેજ ચાર રસ્તા ખાતે આવેલા ઉમામંગલ હોલ ખાતે સવારે 9 કલાકે કામરેજ પ્રાંત વસંત પીપળીયાએ મતગણતરી શરૂ કરાવી હતી.

મતગણતરીમાં વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલની સહકાર પેનલના બે મહિલા અનામત, એસ.સી.-એસ.ટી. સહિત 10 બેઠક પર વિજય મેળવ્યો હતો. જ્યારે બે કુડસદ અને બૌધાન બેઠક પર કિશાન પેનલના ઉમેદવારો વિજેતા બન્યા હતા. જ્યારે કઠોર અને સાંધિયેર બેઠક પર અપક્ષ ઉમેદવારો વિજેતા બન્યા હતા. વધુમાં કામરેજ સુગરની ચૂંટણીમાં અન્ય સુગરોની જેમ પરિવર્તનનો પ્રવાહ ન કામ લાગ્યો ન હતો. સભાસદોએ વર્તમાન પ્રમુખની પેનલને જીતાડી દીધી હતી. અગાઉ ચાર બેઠકો નાના સીમાંત, દિગસ, એરથાણ, મોટા વરાછાની બિનહરીફ થતાં કુલ 14 બેઠક સહકાર પેનલે કબજે કરી છે.

### વર્તમાન ડિરેક્ટરમાં કોણ જિત્યા? કોણ હાર્યા?

કામરેજ સુગરની ચૂંટણીમાં વર્તમાન ડિરેક્ટરો કઠોર બેઠકના પ્રકાશચંદ્ર પટેલ (લસકાણા), વાવ બેઠકના કાંતિભાઈ પટેલ (માંકણા), કુડસદ બેઠકના કિરણભાઈ પટેલ(મુળદ)ની કારમી હાર થઈ હતી. જ્યારે વર્તમાન ડિરેક્ટર ઘલા બેઠકના હેમંત પટેલ (કરજણ), જોખા બેઠકના અરવિંદ પટેલ, બૌધાન બેઠકના રણધીરસિંહ ચૌહાણ (ગામ તળાવ), લીંબાડા બેઠકના જયેન્દ્રસિંહ દેવધરા, પીપોદરા બેઠકના અફઝલ પઠાણ (ભાટકોલ) વિજેતા થયા હતા.

### કામરેજ બેઠક પર સૌની નજર હતી

ચૂંટણીમાં હાઈ પ્રોફાઈલ ગણાતી કામરેજ બેઠક તેમજ પીપોદરા બેઠક પર સૌ મતદારોની નજર હતી. પરંતુ બંને બેઠકોમાં કામરેજ બેઠક પર વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલે ઉમેદવારી કરી હતી. 212 મતની લીડથી વિજેતા થયા હતા. જ્યારે પીપોદરા બેઠક પર વર્તમાન ડિરેક્ટર અફઝલખાન પઠાણ 200 મતની લીડથી વિજેતા થયા હતા.

### કોને કેટલા મત મળ્યા?

| ઝોન | ઉમેદવાદનું નામ | નિશાન | મળેલા મત | લીડ |
|---|---|---|---|---|
| ઘલા | હેમંત મંગુ પટેલ | ત્રાજવું | 866 | 461 |
| કઠોર | ઘનશ્યામસિંહ ચાવડા | અપક્ષ | 562 | 85 |
| વાવ | અરવિંદભાઈ તુલસીભાઈ ભક્ત | ત્રાજવું | 605 | 69 |
| કામરેજ | અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ | ત્રાજવું | 711 | 212 |
| જોખા | અરવિંદભાઈ બેચરભાઈ પટેલ | ત્રાજવું | 447 | 81 |
| ઓલપાડ | દિનેશભાઈ રમણભાઈ પટેલ | ત્રાજવું | 1060 | 306 |
| સાંધિયેર | વિરલકુમાર બળવંતભાઈ પટેલ | અપક્ષ | 853 | 48 |
| કુડસદ | સમીરકુમાર મુકેશભાઈ પટેલ | બળદગાડું | 853 | 48 |
| બૌધાન | રણધીરસિંહ ભૂપતસિંહ ચૌહાણ | બળદગાડું | 1662 | 60 |
| લીંબાડા | જયેન્દ્રસિંહ બળવતસિંહ દેવધરા | ત્રાજવું | 1296 | 876 |
| પીપોદરા | અફઝલખાન હબીબખા પઠાણ | ત્રાજવું | 1196 | 200 |
| એસ.સી. | નરેન્દ્રભાઈ ભગાભાઈ ઓરણાવાલા | ત્રાજવું | 11695 | 3561 |
| મહિલા અનામત | ઉશાબેન વાસુદેવભાઈ પટેલ | ત્રાજવું | 11766 | 3198 |
| મહિલા અનામત | છાયાબેન મહિપાલસિંહ ગોહિલ | ત્રાજવું | 11746 | 3155 |

### બૌધાન ઝોનમાં સત્તાધારી પેનલને લપડાક



માંડવી: કામરેજ સુગર ફેક્ટરીના ડિરેક્ટર પદ માટે જૂથ-૧૧ (બૌધાન ઝોન)માં યોજાયેલી હાઈવોલ્ટેજ ચૂંટણીમાં મોટો રાજકીય ઉલટફેર સર્જાયો છે. કામરેજ સુગરના ચેરમેન અશ્વિનભાઈ પટેલે સહકાર પેનલમાં ટિકિટ આપવાનો સાફ ઇનકાર કરી દેતાં, ગામતળાવ બુજરંગના પૂર્વ ડિરેક્ટર રણધીરસિંહ ભૂપતસિંહ ચૌહાણ (રાકેશ દરબાર) પોતાના દમ પર પરિવર્તન તરીકે ચૂંટણી મેદાનમાં ઊતર્યા હતા અને તેમણે શાનદાર જીત હાંસલ કરી છે. મતગણતરીના અંતે પરિવર્તન ઉમેદવાર રણધીરસિંહ ચૌહાણને ૧,૬૬૨ મત મળ્યા હતા, જ્યારે સહકાર પેનલના સત્તાવાર ઉમેદવાર ઈશ્વરભાઈ બળવંતભાઈ પટેલ (નોગામા)ને ૧,૪૭૭ મતો મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રણધીરસિંહ ચૌહાણ છેલ્લા બે ટર્મથી ડિરેક્ટર તરીકે ચુંટાતા આવ્યા છે. તેઓ વિજેતા થતાં કાર્યકરોએ ફટાકડા ફોડી તેમજ ડીજેના તાલે વિજય સરઘસ કાઢી ભવ્ય ઉજવણી કરી હતી.

# હવે સાઈડકારવાળી બાઈક પણ જોવા મળશે, દિવ્યાંગને મંજૂરી

**મનો**-દિવ્યાંગો માટે પણ ખાસ જોગવાઈ; ૪૦ કિમીથી વધુ ઝડપ નહીં, હેલ્મેટ-સીટ બેલ્ટ ફરજિયાત

ગાંધીનગર: ગુજરાતમાં હવે દિવ્યાંગજનો માટે સાઇડકાર જોડાયેલી મોટરસાઇકલની નોંધણી તથા જરૂરી ફેરફારને મંજૂરી આપવામાં આવશે.

વાહન વ્યવહાર કમિશનરની કચેરીએ આ અંગે પરિપત્ર બહાર પાડી રાજ્યની તમામ આરટીઓ અને એઆરટીઓ કચેરીઓને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ કાર્યવાહી કરવા સૂચના આપી છે. સરકારના પરિપત્રમાં મનો-દિવ્યાંગજનો માટે પણ સાઇડકારવાળી મોટરસાઇકલની નોંધણી અને ફેરફાર અંગે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. વાહન ચલાવનાર વ્યક્તિ પાસે સંબંધિત વર્ગનું માન્ય વાહનચાલક પરવાનો હોવો ફરજિયાત રહેશે.

### સાઇડકારવાળી બાઈક માટે કઈ કઈ શરતો રહેશે?

દિવ્યાંગજનોની સલામતીને ધ્યાનમાં રાખીને વાહનની મહત્તમ ઝડપ ૪૦ કિલોમીટર પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે. વાહનચાલક તેમજ મનો-દિવ્યાંગ મુસાફર માટે હેલ્મેટ ફરજિયાત રહેશે. સાઇડકારમાં યોગ્ય બેઠક પટ્ટો અથવા અન્ય સલામતીની વ્યવસ્થા હોવી પણ જરૂરી રહેશે. વાહનની નોંધણી કે ફેરફારને મંજૂરી આપતા પહેલાં તેનું ભૌતિક નિરીક્ષણ કરવામાં આવશે. સાઇડકાર જોડવાથી વાહનચાલક, દિવ્યાંગ મુસાફર કે અન્ય માર્ગ વપરાશકારોની સલામતીને કોઈ જોખમ ન સર્જાય તેની પણ ખાતરી કરવામાં આવશે. આ ઉપરાંત માન્ય વ્યાપક વીમા પોલિસી, જેમાં ઓછામાં ઓછું તૃતીય પક્ષનું જોખમ આવરી લેવાયેલું હોય, તે પણ ફરજિયાત રહેશે. આ સમગ્ર વ્યવસ્થામાં મોટર વાહન કાયદા, ૧૯૮૮ તેમજ કેન્દ્ર સરકારની સંબંધિત માર્ગદર્શિકા અને સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી દિવ્યાંગજનો માટે વ્યક્તિગત પરિવહનની સુવિધા વધુ સુલભ બનવાની સાથે તેમની સ્વતંત્ર અવરજવર માટે પણ નવી તક ઊભી થશે.

# નવસારીના ભાઈએ સુરતમાં બહેનના ઘરે પેટ્રોલ છાંટી કર્યું અગ્નિસ્નાન!

**નવસારીના** વિજલપુરમાં રહેતા 48 વર્ષિય નિલેશ નિંબારકર હીરાની ઓફિસ બંધ થતાં અઢી માસથી બેકાર હતા

સુરતઃ હીરા ઉદ્યોગમાં આવેલી મંદીના કારણે નોકરી ગુમાવ્યા બાદ અઢી મહિનાથી બેકાર રહેલા નવસારીના ૪૮ વર્ષીય આધેડે સુરતના શાહપુર વિસ્તારમાં પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી લેતાં ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના અહમદનગરના વતની નિલેશ અનંતભાઈ નિંબારકર (ઉં.વ. ૪૮) હાલ નવસારીના વિજલપુર વિસ્તારમાં મારુતિનગરના વનગંગા ફ્લેટ્સમાં પરિવાર સાથે રહેતા હતા. તેઓ નવસારી ખાતે હીરાની ઓફિસમાં નોકરી કરતા હતા. જોકે, હીરા ઉદ્યોગમાં મંદી આવતા તેમની ઓફિસ અઢી મહિના અગાઉ બંધ થઈ ગઈ હતી. બુધવારે સાંજે નિલેશ સુરતના મુગલીસરા-શાહપુર રોડ પર આવેલા જૈન દેરાસરની સામે ચિંતામણી એપાર્ટમેન્ટમાં રહેતી તેમની પરિણીત બહેન મનીષાબેનના ઘરે પરિવાર સાથે મળવા આવ્યા હતા. પરિવારજનો સાથે રૂમમાં બેસીને વાતચીત કરી રહ્યા હતા. દરમિયાન નિલેશ અચાનક ઊભા થઈને બહાર આવ્યા હતા અને નવસારીથી સાથે લાવેલી પેટ્રોલની બોટલ કાઢી શરીર પર પેટ્રોલ છાંટી આગ ચાંપી દીધી હતી. નિલેશે બેકાર થયા બાદ કામ નહીં મળતાં ટેન્શનમાં આવીને આ પગલું ભર્યું હોવાની શક્યતા પરિવારજનોએ વ્યક્ત કરી છે. બનાવ અંગે લાલગેટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### બળેવ પહેલા...

થયો છે. જોકે, વધેલા ખર્ચનો સંપૂર્ણ બોજ ગ્રાહકો પર નાખવો વેપારીઓ માટે પણ મુશ્કેલ બની રહ્યો છે. તેથી મીઠાઈના પ્રકાર અને પડતર કિંમત પ્રમાણે કેટલાક વેપારીઓએ મર્યાદિત ભાવવધારો કર્યો છે, જ્યારે કેટલાક વેપારીઓએ હાલના ભાવ જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે.

વેપારી વર્તુળોમાં ખાંડના ભાવવધારા પાછળ અનેક કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે. સહકારી તથા ખાનગી સુગર મિલોને ઈથેનોલ ઉત્પાદન તરફ મળેલી છૂટ, ખાંડ ઉત્પાદક રાજ્યોમાં દર વર્ષે આવતા પૂરને કારણે સુગર બેલ્ટની જમીનનું ધોવાણ તેમજ ક્લાયમેટ ચેન્જની અસરથી શેરડીના ઉત્પાદન પર પડતી અસર જેવા પરિબળો બજારને અસર કરી રહ્યા હોવાનું માનવામાં આવે છે.

### 'કમલમ્'માં થઈ...

છબી સામે હવે 'આંતરિક જૂથવાદ અને સત્તાની ખેંચતાણ'ની ચર્ચા વધુ તેજ બની છે. પક્ષના જ કાર્યાલયમાં હોદ્દેદારો વચ્ચે હાથાપાઈ સુધી વાત પહોંચે તો સંગઠનની આંતરિક શિસ્ત અંગે સવાલ ઊઠે તે સ્વાભાવિક છે. આ સમગ્ર મુદ્દે શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ મોબાઇલ પર નેટવર્કની સમસ્યાને કારણે તેમનો સંપર્ક થઈ શક્યો નહોતો. ભાજપ તરફથી સત્તાવાર સ્પષ્ટતા મળ્યા બાદ ઘટનાની હકીકત વધુ સ્પષ્ટ થઈ શકે છે.

### જ્વેલરી-હીરાની...

અને હીરાના વ્યવસાયની આડમાં લક્ઝુરીયસ ઘડિયાળોના વેચાણનો આંકડો કરોડો રૂપિયા સુધી પહોંચતો હોવાની માહિતી મળી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, રૂ.2.50 લાખથી લઈને રૂ.1 કરોડ સુધીની કિંમતની ઘડિયાળોના વેચાણના વ્યવહારો થયા હોવાની તપાસ એજન્સીને જાણકારી મળી છે.

કસ્ટમ વિભાગ હવે માત્ર જપ્ત કરાયેલી રૂ.1.09 કરોડની ઘડિયાળો પૂરતી તપાસ મર્યાદિત રાખવાને બદલે આ સમગ્ર નેટવર્કમાં કેટલા લોકો સંકળાયેલા છે અને કેટલા સમયથી આવી ઘડિયાળોની ખરીદી-વેચાણ કરવામાં આવી રહી હતી તેની પણ તપાસ કરી રહ્યું હોવાનું જાણવા મળે છે.સમગ્ર પ્રકરણમાં SIIB કસ્ટમની તપાસ ટીમ દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ રાજેન્દ્ર અને ભરત નામના અધિકારીઓના નેતૃત્વ હેઠળ તપાસ ટીમ દ્વારા અલગ-અલગ સ્થળોએ કાર્યવાહી કરવામાં આવી રહી છે.હાલ કસ્ટમ વિભાગ દ્વારા ઘડિયાળોની ખરીદી-વેચાણની ચેઈન, નાણાકીય વ્યવહારો અને સંકળાયેલા અન્ય લોકો અંગે તપાસ ચાલી રહી છે. આગામી દિવસોમાં વધુ પૂછપરછ અને તપાસ બાદ આ પ્રકરણમાં વધુ મોટા ખુલાસા થવાની શક્યતા છે.

### સાપુતારા અને...

નીકળી આવ્યા હતા. ડાંગ જિલ્લા તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોને અફવાઓથી દૂર રહેવા તથા શાંતિ જાળવી રાખવા અપીલ કરવામાં આવી છે.

### મનપાનું ફૂડ...

હંમેશાં જોખમમાં જ રહેશે. તંત્રએ આંકડાની માયાજાળ છોડીને વાસ્તવિક અને ગુણવત્તાસભર કામગીરી કરીને પોતાની જવાબદારી સ્વીકારવી પડશે

### નોટિસ અને...

સર્ચ ઓપરેશન કરીને કડક દંડ અને કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આ કડક વલણથી સુરતના વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### કરોડોનું ટર્નઓવર...

અંદાજે 11,000 જેટલા MSME એસજીએસટી વિભાગના રડારમાં આવ્યા છે. આ તમામ એકમો સામે વિભાગ દ્વારા ખાનગી રાહે સઘન તપાસની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

### મોટા ટર્નઓવર છતાં જીએસટીની ચોરી

જીએસટી વિભાગની પ્રાથમિક ચકાસણીમાં સામે આવ્યું છે કે, રડારમાં આવેલા આ MSME એકમોના ટર્નઓવર ખૂબ મોટા છે. ઉદ્યોગ વિભાગના ચોપડે કરોડો રૂપિયાનું ટર્નઓવર દર્શાવનારા આ એકમોએ જીએસટી રિટર્ન ફાઇલ કરતી વખતે વાસ્તવિક આવક છુપાવી હોવાની આશંકા છે. ટર્નઓવરના પ્રમાણમાં તેઓ દ્વારા યોગ્ય જીએસટી ભરવામાં આવ્યો ન હોવાનું સત્તાવાર રીતે ધ્યાન પર આવ્યું છે.

# IIIT સુરતનો આજે પદવીદાન સમારોહ, ૧૫૬ને ડિગ્રી અપાશે

**ચાર** વિદ્યાર્થીઓનું સુવર્ણ-રજત ચંદ્રકથી સન્માન કરવામાં આવશે

સુરતઃ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IIIT) સુરતનો પાંચમો પદવીદાન સમારોહ આજે એટલે કે શનિવારના રોજ યોજાશે. ગૌરવપૂર્ણ સમારોહમાં કુલ ૧૫૬ સ્નાતક વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. સમારોહમાં કાવડ મીત ધીરુભાઈ અને દેસાઈ રોહન સાગરને ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ બદલ સુવર્ણ ચંદ્રક, જ્યારે અમન કુમાર અને અનિરુદ્ધ અગ્રવાલને રજત ચંદ્રક એનાયત કરવામાં આવશે.

આ પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા ઉપસ્થિત રહેશે. જ્યારે વિશિષ્ટ અતિથિ તરીકે પ્રો. અનુરાગ કુમાર અને ડૉ. ધનંજય ગોર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે. આ ઉપરાંત સંસ્થાના ચેરપર્સન સી.પી. ગુરનાની અને ડિરેક્ટર પ્રો. રાજીવ શોરી પણ સમારોહમાં હાજર રહી પદવી મેળવનારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવશે. પદવીદાન સમારોહને લઈને વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૧૫૬ વિદ્યાર્થીઓના શૈક્ષણિક સફરના નવા અધ્યાયની શરૂઆત કરાવતા IIIT સુરતના આ પદવીદાન સમારોહમાં સુવર્ણ અને રજત ચંદ્રક વિજેતાઓનું વિશેષ સન્માન આકર્ષણનું કેન્દ્ર બનશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### મેઘાલયમાં પેટ્રોલ...

ટેક્સી વિવાદને કારણે બર્નિહાટ-જોરાબાટ માર્ગ બંને તરફથી બંધ રહ્યો હતો. મુસાફરોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની સલાહ અપાઈ છે. બંને રાજ્યોના મુખ્યમંત્રીએ શાંતિ અને સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા સાથે મળીને કામ કરવાની સંમતિ આપી છે.

### ગૃહ મંત્રીની...

તેમણે કહ્યું, ગૃહ સચિવ અને અમિત શાહની મંજૂરી બાદ આખરે FIR નોંધવામાં આવી છે, ત્યારે તમે કલ્પના કરી શકો છો કે FIR નોંધતા કોણ રોકી રહ્યું હતું, આ કામ આ પોલીસકર્મીઓ કરવા માંગતા હતા પરંતુ તેમને તેમ કરવા દેવામાં આવતું ન હતું.

### જયપુરમાં સરકારી...

પથ્થરમારો કરવામાં આવ્યો અને વાહનોના કાચ તોડી નાખવામાં આવ્યા. મહિલાઓ સાથે પણ ગેરવર્તન થયું હોવાનો તેમણે દાવો કર્યો. જોકે બાગરુના DSP ધર્મેન્દ્ર શર્માએ આવી કોઈ ઘટનાની જાણકારી હોવાનો ઈનકાર કર્યો હતો.

ઘટનાના વીડિયોમાં CJPની ટીમને ગામમાં પ્રવેશતી રોકવા મોટી સંખ્યામાં લોકો સાથે ધક્કામુક્કી અને ઉગ્ર બોલાચાલી થતી જોવા મળી હતી. કેટલાક વીડિયોમાં ટીમના વાહનોના તૂટેલા કાચ પણ જોવા મળ્યા હતા. અહેવાલ મુજબ રાંકા સાથે પણ મારપીટ કરવામાં આવી હતી. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. રાંકાએ કહ્યું કે રામપુરા કનવરપુરાની સરકારી શાળા અસુરક્ષિત જાહેર કરાયા બાદ વિદ્યાર્થીઓ માટે બંધ છે અને શાળા છેલ્લા કેટલાક વર્ષોથી ભેંસના તબેલામાં ચાલી રહી છે. CJPની 'સ્કૂલ ઠીક કરો' ઝુંબેશ હેઠળ ટીમ શાળાની તપાસ માટે પહોંચી હતી. રાંકાએ આરોપ લગાવ્યો કે રાજસ્થાનના શિક્ષણમંત્રી મદન દિલાવરના આદેશથી CJP ટીમ પર હુમલો કરાયો. તેમણે પોલીસ પર પણ પથ્થરમારો થતો હોવા છતાં કાર્યવાહી નહીં કરવાનો આરોપ લગાવ્યો. CJPના સ્થાપક અભિજીત દીપકેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં ભાજપના 'ગુંડાઓ' પર તેમના કાર્યકરો પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો અને પોલીસની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા.દરમિયાન, ગ્રામજનોએ દાવો કર્યો કે શાળાના સમારકામ માટે સરકારે પહેલેથી જ નાણાં મંજૂર કર્યા છે. ઘટનાના વિરોધમાં ગ્રામજનોએ શાળાની બહાર ધરણાં કર્યા અને CJP વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ઘટનાને લઈને વિરોધ પક્ષોએ પણ ભાજપ સરકાર અને રાજસ્થાન પોલીસની ટીકા કરી છે અને હુમલાની નિંદા કરી છે.

### ઇથેનોલને કારણે...

લેવા અને આશરે ૧૫ ઓક્ટોબરથી મિલો દ્વારા પીલાણ સીઝનની વહેલી શરૂઆત કરવા માટે તૈયારીઓ કરવા જણાવ્યું છે. તે વેપારીઓ હાલમાં જે સ્ટોક રાખી શકે છે તેમાં પણ ઘટાડો કરવા વિચારણા કરી રહી છે. ખાંડની ઉપલબ્ધતા અને ભાવ અંગે મીડિયાને માહિતી આપતાં ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે, સરકારે ૩૧ ઓક્ટોબર સુધીમાં ૧૦ લાખ ટન ખાંડની આયાત કરવાની મંજૂરી આપીને તથા વેપારીઓ તેમજ સોફ્ટ ડ્રિંક અને આઈસ્ક્રીમ બનાવતી બલ્ક વપરાશકર્તા કંપનીઓ પર સ્ટોક-મર્યાદા લાદીને સાવચેતીના પગલાં લીધાં છે. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૨૫-૨૬ના માર્કેટિંગ વર્ષ (ઓક્ટોબર-સપ્ટેમ્બર) માટે ઉત્પાદન ઘટીને ૩૦૬ લાખ ટન થવાનો અંદાજ હોવા છતાં દેશમાં ખાંડનો પૂરતો સ્ટોક છે, જે અગાઉ ૩૪૩ લાખ ટન રહેવાનો અંદાજ હતો. વાર્ષિક સ્થાનિક ખાંડની માંગ આશરે ૨૮૦-૨૮૫ લાખ ટન જેટલી છે. ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં ખાંડના ભાવમાં થયેલા વધારા માટે ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડના ઉપયોગને જવાબદાર ગણવો અયોગ્ય છે. મંત્રાલયે જણાવ્યું કે પેટ્રોલમાં ભેળવવા માટે ઈથેનોલ બનાવવા ખાંડનો જે હિસ્સો વાપરવામાં આવતો હતો, તે વાસ્તવમાં 2022-23 સીઝનના લગભગ 12 ટકાથી ઘટીને 2025-26 સીઝનમાં આશરે 9 ટકા થઈ ગયો છે. જ્યારે ભારતના ઈથેનોલ ઉત્પાદનનો લગભગ પોણો ભાગ હવે અનાજ, ખાસ કરીને મકાઈમાંથી આવે છે. આ સ્પષ્ટતા ત્યારે આવી છે જ્યારે રિટેલ ખાંડના ભાવ 20 જુલાઈના રોજ પ્રતિ કિલો રૂ. 48.18 હતા, જે વધીને 20 ઓગસ્ટે પ્રતિ કિલો રૂ. 55.70 થઈ ગયા છે. સરકારે આ વધારા માટે અપેક્ષા કરતાં ઓછા ખાંડના ઉત્પાદન અને ઉદ્યોગના કેટલાક વર્ગો દ્વારા અટકળો અને સંગ્રહખોરીને જવાબદાર ઠેરવ્યા છે.

### દીપકેની દિલ્હી જેવા...

દિલ્હીમાં થયેલા પ્રદર્શન જેવું મોટું આંદોલન રાજસ્થાનમાં શરૂ કરવાની ચેતવણી આપી છે. દીપકેએ કહ્યું કે અમે શાળાનું સમારકામ કરાવીને જ રહીશું. દીપકેએ Gen Z એટલે કે યુવા પેઢીને એકજૂથ થવાની અપીલ કરી છે.

### અમેરિકામાં ગ્રીન...

સુધારેલા ફોર્મને સ્વીકારવા માટે કોઈ વધારાની સમયમર્યાદા આપવામાં આવશે નહીં. સાથે જ અરજદારોને 18 સપ્ટેમ્બર પહેલાં નવા ફોર્મનો ઉપયોગ નહીં કરવાની સલાહ આપવામાં આવી છે. જૂનું ફોર્મ માત્ર 18 સપ્ટેમ્બર પહેલાં પોસ્ટમાર્ક અથવા ઈલેક્ટ્રોનિક રીતે સબમિટ કરવામાં આવ્યું હોય તો જ સ્વીકારાશે. અગાઉ ટ્રમ્પ પ્રશાસને 'પબ્લિક ચાર્જ'ની વ્યાખ્યા વિસ્તારી હતી. સરકાર તરફથી Medicaid, ફૂડ સ્ટેમ્પ્સ અથવા અન્ય જીવનનિર્વાહ સહાય મેળવનારા લોકોની કેટલીક ઈમિગ્રેશન અરજીઓ નકારવા માટે આ જોગવાઈનો ઉપયોગ થઈ શકે છે. નવા 'પબ્લિક ચાર્જ' નિયમો પણ 18 સપ્ટેમ્બરથી અમલમાં આવશે.

### કોલકાતામાં ખાંડના...

જોવા મળ્યો છે. ખાંડ સાથે સંકળાયેલી વસ્તુઓ જેવી કે ગોળ, પતાસા અને નકુળદાણાના ભાવમાં પણ આવો જ વધારો જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે ગુરુવારે સાંજે સુગર મિલોને ૧૦ લાખ ટન કાચી ખાંડ આયાત કરવાની મંજૂરી આપી છે પરંતુ તેની અસર હજુ છૂટક બજારો સુધી પહોંચવાની બાકી છે, તેમ વેપારીઓએ જણાવ્યું હતું.

### માત્ર ૮.૨૫%...

ભારે નિર્ભરતા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે સીતારામને કહ્યું કે મૂળભૂત સમસ્યા કોર્સથી જ શરૂ થાય છે. નીતિ આયોગ ભારતીય ઉચ્ચ અને તકનીકી શિક્ષણ પ્રણાલીનું વર્ણન કરતા જણાવે છે કે વર્ગખંડમાં જે ભણાવવામાં આવે છે અને શ્રમ બજાર જે માંગ કરે છે તે વચ્ચે "મૂળભૂત વિસંગતતા" છે. પેપરમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે ઘણી સંસ્થાઓમાં અભ્યાસક્રમો જૂના જમાનાના રહ્યા છે અને તે બદલાતી ઉદ્યોગની જરૂરિયાતો સાથે પૂરતા પ્રમાણમાં મેળ ખાતા નથી. પરિણામે, ડિગ્રીઓ, ડિપ્લોમા અને સર્ટિફિકેટ્સ સતત રોજગારક્ષમતામાં રૂપાંતરિત થતા નથી.

### રાહુલ ગાંધીના ૬...

19 વર્ષીય સાહિલ લોચબની ફરિયાદ પર પોલીસે FIR નોંધવાનો ઇનકાર કર્યા બાદ ગાંધી પોલીસ સ્ટેશન બહાર ધરણા પર બેઠા હતા. દિલ્હી પોલીસે FIR નોંધ્યા બાદ તરત જ રાહુલ ગાંધીએ કહ્યું, "આ ન્યાય તરફનું પ્રથમ પગલું છે અને કેસ નોંધવામાં આવ્યો છે. લોકસભાના વિપક્ષના નેતાએ કહ્યું, "તેના શરીરમાં પેલેટ્સ છે અને તે જોઈ પણ શકતો નથી કારણ કે તેને આંખમાં ઈજા થઈ છે. આ યુવક સાથે અન્યાય છે. લગભગ એક મહિનાથી તે FIR નોંધાવવા માટે એક પોલીસ સ્ટેશનથી બીજા પોલીસ સ્ટેશનના ચક્કર લગાવી રહ્યો હતો. દિભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ કોંગ્રેસ નેતા પર વંદે માતરમ અંગે તેમની પાર્ટીના વલણથી ધ્યાન ભટકાવવા માટે "હલકી અને અરાજકતાની" રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો હતો. "રાહુલ ગાંધીનો વિરોધ ન તો વિદ્યાર્થીઓ માટે છે કે ન તો ન્યાય માટે; તે કોંગ્રેસ પક્ષની રાજકીય હતાશા અને રાહુલ ગાંધીની ફુટેજ મેળવવાની ભૂખનું પ્રતીક છે એમ નડ્ડાએ કહ્યું હતું. અન્ય એક ભાજપ નેતા રવિશંકર પ્રસાદે ગાંધી પર "અરાજકતાની રાજનીતિ" અને તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો હતો.

### CJPના આંદોલન પછી...

સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (DCP)ની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલા એક સત્તાવાર પરિપત્ર અનુસાર, પોલીસે શુક્રવારે દેશની રાજધાનીના પ્રખ્યાત રામલીલા મેદાન પર "આરક્ષણ હટાવો આંદોલન" હેઠળ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન માટે 'ના-વાંધા પ્રમાણપત્ર'(NOC) આપ્યું છે. આ નિર્ણય "આરક્ષણ હટાવો આંદોલન" નામના એક ઈન્સ્ટાગ્રામ પેજ દ્વારા ચલાવવામાં આવી રહેલા ડિજિટલ અભિયાન વચ્ચે આવ્યો હતો. આ પેજે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) દ્વારા ઉપયોગમાં લેવાતી વિરોધ-એકજૂથતાની વ્યૂહરચના અપનાવીને વેગ મેળવ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર 56 લાખ ફોલોઅર્સ ધરાવતા આ પેજે અગાઉ 21 ઓગસ્ટે જંતર મંતર ખાતે અનામત વિરોધી પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું.

દિલ્હી પોલીસ દ્વારા આપવામાં આવેલી NOC મુજબ, "કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ" ધ્યાનમાં રાખીને પ્રદર્શન સામે કોઈ વાંધો ન હોવાનું જણાવવામાં આવ્યું છે. આ પરવાનગી હેઠળ રામલીલા મેદાન ખાતે સાંજે 4 વાગ્યા સુધી વધુમાં વધુ 500 લોકોને એકઠા થવાની મંજૂરી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ પરવાનગી દિલ્હી પોલીસ દ્વારા જંતર મંતર ખાતે પ્રદર્શનની મંજૂરી આપવામાં આવી હોવાના અહેવાલોને નકારી કાઢ્યા બાદ આપવામાં આવી છે.


**સુધારો નિવિદા નં.૩ સને ૨૦૨૬-૨૭**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (મા.મ) પેટા-વિભાગ નં.૨, દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત ફો.નં.૨૪૬૩૦૪૬ દ્વારા મકાન મરામતના કામો જેની અંદાજીત કિંમત રૂ.૩,૦૦,૦૦૦/- સુધીની છે. જેના ઈર કક્ષા અને તેની ઉપરના વર્ગોમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો જરૂરી ડી.ડી. થી ફી જમા કરાવ્યેથી તા.૨૭/૦૮/૨૦૨૬ છે અને ભરેલા ટેન્ડરો રજી.પો.એ.ડી/ સ્પીડ પોસ્ટથી સ્વીકારવાની છેલ્લી તા.૦૩/૦૯/૨૦૨૬ છે. સદર કામ અંગેની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. બનાની રકમ વિનાના, શરતી તેમજ મુદ્દત વિત્યા બાદ આવેલ ભાવપત્રકો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ભાવપત્રકો મંજુર કરવા કે નહીં તેની તમામ સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

નાયબ કાર્યપાલક ઈજનેર
સુરત (માxમ) પેટા-વિભાગ નં.૨,
સુરત.

ક્રમાંક : માહિતી-સુરત/૫૧૫/૨૦૨૬

**ઓન લાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા - ૧૧ સને : ૨૦૨૬ - ૨૭**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ. પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી એક મેજર પુલના કામ માટે ઓન લાઈન ટેન્ડર એસબીડી ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજિત કિંમત રૂા. ૧૩૮૬.૯૩ લાખ સુધીની છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnbtender.nprocure.com પર તા. ૨૪.૦૯.૨૬, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા. ૨૪.૦૯.૨૬, ૧૮:૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓન લાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટસ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૨૪.૦૯.૨૬ થી તા. ૧.૧૦.૨૬ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમિયાન સંપર્ક સાધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૪૨૩/૨૬)